

# પર્યુષણ પર્વનો એ અમર સંદેશ

## સાચી ક્ષમાપનાથી દૂર કરજો દોષ!

**સુણજો સાજન સંત, પર્યુષણ આવ્યા રે-**
**તમે પુણ્ય કરો પુણ્યવંત ભવિક મન ભાવ્યા રે.**

જીવન સરગમ
બિન્દુબેન કચરા

**ઔદાર્યથી દાના દુશ્મનને પણ જીતી શકાય છે. આ ઔદાર્ય નાના બનાવોમાંથી ઘડાય છે. વેર લીધાનો આનંદ એક દિવસ ટકશે પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે. ક્ષમાથી શું સિદ્ધ થતું નથી? બદલો લેનારને દુનિયા ધિક્કારે જ્યારે માફ કરનારને યુગો સુધી સંભારે છે**


જૈન ધર્મના હાલમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ ચાલી રહ્યાં છે. પર્યુષણ મહા પર્વ એટલે તપ, ત્યાગ અને તિતિક્ષાનું પર્વ, સંયમ, સાધના અને સદ્દવિચારોનું પર્વ, અનુકંપાની આરાધના અને આત્મશુદ્ધિનું પર્વ. આત્મ સાક્ષાત્કાર અને આત્મોન્નતિનું પર્વ. પર્યુષણ પર્વ એટલે ભીતરને બદલવાનું પર્વ. અંતરને ભક્તિથી રંગવાનું પર્વ, આત્માભિમુખ થઈને અંતરમાં ડોકિયું કરવાનું અમૃત ચોઘડિયું એટલે પર્યુષણ પર્વ - મનને વિશુદ્ધ કરીને વીતરાગ ભગવાનના ચરણકમળમાં સ્થિર કરવાનું પર્વ એટલે પર્યુષણ પર્વ. મહાપુરુષોના ગુણોનું ચિંતન કરતાં કરતાં આત્મ-કલ્યાણની પ્રાપ્તિ કરવાનો અમૂલ્ય અવસર એટલે પર્વાધિરાજ પર્યુષણ. અહિંસાની આલબેલ પોકારતું પર્વ એટલે પર્યુષણ. ફક્ત ઉજવણી નહીં પણ ઉપાસના કરવાનું પર્વ. વિભાવથી સ્વભાવ તરફ વળવાનું પર્વ. જીવનની સરગમ પર સ્નેહના સૂર છેડતું પર્વ. તૂટેલાં દિલોના તારને સાંધતું પર્વ. આ લોકોત્તર પર્યુષણ મહાપર્વનું સ્વાગત આપણે જ્ઞાનનો મંગલદીપક પ્રગટાવીને, ધર્મની ધૂપસળીને, આરાધનાના અબીલ ગુલાલ પ્રગટાવીને, અહિંસાના અક્ષતના સ્વસ્તિક રચીને, સર્વ જગત અભયદાન આપીને, અનુકંપાની અલખ જગાવીને, આત્માની સમીપ રહીને પ્રભુને આરાધીએ. વાણીને મૌનથી શણગારવાનો અવસર - સુવર્ણ સમય...! માતાપિતાની સેવા, ગુરુના આશીર્વાદ અને સર્વ જીવો પ્રત્યેની મૈત્રી આ ત્રણેય વસ્તુઓ આપણને પરમાત્માની નિકટ પહોંચાડે છે અને પર્યુષણ પર્વ શીખવે છે.... જીવન સફળતાની ચાવી - ‘કમ ખાના, ગમ ખાના, ઓર નમ જાના.’ સાથે સાંવત્સરિક ક્ષમાપનાનો મહાન દિવસ, ‘વેરનું વિસર્જન અને સ્નેહનું સર્જન’નું અમૂલ પર્વ.

પર્યુષણ પર્વના આ દિવસોમાં પાંચમા દિવસે એટલે કે આજે મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી થાય છે. આમ તો પ્રભુનો જન્મ ભાદરવા સુદ-૧૩ પણ આ પર્વોત્સવમાં પ્રભુ મહાવીરનું જન્મવાંચન ઉપાશ્રયમાં ગુરુભગવંતો વિશાળ મેદની વચ્ચે કરે છે. ત્રણ જગતના તારણહાર, પ્રાણીમાત્રના પાલનહાર, જીવમાત્ર પર વાત્સલ્ય વહાવનાર વિમલ વીતરાગી પ્રભુ ભગવાન મહાવીર દેવનો ૨૬૫૫મો જન્મકલ્યાણક દિન...! આ દિવસ માત્ર જૈનો માટે જ નહીં, અહિંસા - અપરિગ્રહ જેવા સિદ્ધાંતોમાં શ્રદ્ધા ધરાવનાર તમામ વ્યક્તિઓનો છે, ‘સૂર્ય, ચન્દ્ર, આકાશ, પવન ને વર્ષા જેમ બધાંના છે, મહાવીર કેવળ જૈનોના નહિ પણ આખી દુનિયાના છે. આચારના ક્ષેત્રે એમણે બે તત્ત્વો ઉપદેશ્યા છે, એમાં પ્રથમ છે – અહિંસા. પ્રભુ મહાવીર દેવની કરુણા માત્ર માનવસૃષ્ટિ પૂરતી જ સીમિત ન હતી. એથીય આગળ વધીને પશુ-પંખી અને પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે સુધી વિસ્તરતી હતી. જીવો પ્રત્યે પ્રેમ, વાત્સલ્ય મૈત્રી ભાવનાના એ ઉદ્દગાતા હતા. વેર-વિરોધને તો મૂળમાંથી મિટાવવાના એ હિમાયતી હતા. આજના સમયમાં પ્રભુ મહાવીરે ચીંધેલા અહિંસા અને ક્ષમાના મંત્રની ખૂબ જ જરૂર છે. જ્વાળામુખીના જડબા પર બેઠેલી માનવ જાતની આજની બેચેનીનો ઉકેલ અહિંસક સમાજરચના અને ક્ષમાપના તરફ ડગ માંડવામાં રહેલો છે. ‘જીવો અને જીવવા દો.’ અણુયુદ્ધનો ઓથાર વિશ્વને સમૂળા વિનાશની ચરમસીમા પર ધકેલી રહ્યો હોય ત્યારે 21મી સદીમાં પ્રભુ મહાવીરે સ્થાપેલ ‘અનેકાંતવાદ’ આજની તમામ સમસ્યાની ‘માસ્ટર કી’ છે. ‘આપણે જ સાચા, બીજાની વાત ખોટી, આવું ના વિચારતાં, ‘સાચું તે જ મારું’ આ વિચારસરણી સ્યાદ્વાદને અનુસરે છે. અનેકાંત દ્રષ્ટિ એ મહાવીર તરફથી દુનિયાને મળેલી અમૂલ્ય ભેટ છે.

વિશ્વ મહાસત્તાઓના અણુ કાર્યક્રમથી ગભરાઈ ઊઠ્યું છે ત્યારે પ્રભુ મહાવીરે આપેલ અહિંસા અને તેના જ પર્યાયરૂપે દિવ્યમૈત્રી અને સર્વજીવ મૈત્રીના ઉપદેશને અનુસરવું તે જ દરેક રાષ્ટ્ર, સમાજ અને વ્યક્તિના હિતમાં છે. ભય માનવીને ભયંકર બનાવે છે તો મૈત્રી માનવીને મહાન બનાવે છે.

આજે આ પર્યુષણ પર્વના પ્રભુ મહાવીર જન્મકલ્યાણક દિને પ્રભુના ઉપદેશોને આત્મસાત્ કરવાનો યથાશક્ય પ્રયત્ન કરીએ. પ્રભુ મહાવીરનું પારણું ઝૂલાવી, સૂપનોને ઝુલાવી હાલરડાં ગાઈ પુણ્યશાળી બનીએ.

પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ ‘સંવત્સરી ‘ અથવા પર્યુષણ પર્વનો આઠમો સુવર્ણ દિવસ - સંવત્સરી પર્વ. આ દિવસે સમગ્ર જૈનો સાંજે પ્રતિક્રમણ કરતી વખતે વર્ષ દરમિયાન કરેલાં પાપોની ક્ષમા માંગી, અજાણતાં કોઈ પણ જીવને મનદુઃખ થયું હોય તેને મન-વચન-કાયાના યોગથી ખમાવી ‘મિચ્છામિ દુક્કડં’ એટલે કે ક્ષમાપના કરે છે. ક્ષમા એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. વિશ્વની શાંતિનો રમણીય રાહ છે, પ્રભુ મહાવીરની દેણ છે. લાખો કરોડોના દાન દેવા સહેલા છે પણ પોતાનાં પાપોની સરળ હૃદયે માફી માંગવી બહુ કઠીન છે. સાડા બાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યામાં પ્રભુવીરનું યુદ્ધનું શસ્ત્ર હતું - ‘ક્ષમા’ અને યુદ્ધની નીતિ હતી ‘ઉપશમ’. જ્યાં જ્યાં આગો ભભૂકી ત્યાં ત્યાં પ્રભુ પ્રેમના, કરુણાના, જળબંબા લઈ દોડ્યા. ગોવાળિયા, કટપૂતના, શૂલપાણી યક્ષ, સંગમદેવ, ગોશાલક આ બધાએ ઉપસર્ગો આપવામાં બાકી નથી રાખ્યા. દૃષ્ટિ વિષ ચંડકૌશિક સર્પે પ્રભુ મહાવીરને જોયા અને ક્રોધની પરાકાષ્ઠા થઈ, ભગવાનને ભસ્મ કરી નાંખવાના વિચારથી તે ધમધમાટ દરમાંથી બહાર આવ્યો અને નીચેથી ઉપર ફુવારાની જેમ ઝેર છોડ્યું; કોઈ અસર ન જણાતાં પગના અંગૂઠા ઉપર જોરથી ડંખ માર્યો પણ લોહીને બદલે દૂધની ધારા વહેતી દેખાઈ. તે આશ્ચર્ય પામ્યો; ત્યારે શાંત પ્રશાંત મુદ્રામાં રહેલા પરમાત્માએ મધુર અને મીઠી વાણી વડે ચંડકૌશિક સર્પને કહ્યું કે... ‘તું બોધ પામ! બોધ પામ! અર્થાત્ તું તારી સમજણને જાગ્રત કર!’ આમ ક્ષમા આપી સર્પને શુભ ધ્યાનમાં ચઢાવી પ્રભુએ વિદાય લીધી.



ઔદાર્યથી દાના દુશ્મનને પણ જીતી શકાય છે. આ ઔદાર્ય નાના બનાવોમાંથી ઘડાય છે. વેર લીધાનો આનંદ એક દિવસ ટકશે પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે. ક્ષમાથી શું સિદ્ધ થતું નથી? બદલો લેનારને દુનિયા ધિક્કારે જ્યારે માફ કરનારને યુગો સુધી સંભારે છે. જરા નજર તો કરો, દરિયા જેવું દુઃખ દેનારને, મલકાતે મુખે માફ કરનાર મહાન પુરુષોના પ્રસંગો પર... વાંક વિના ૧૪ વર્ષ સુધી વનવાસના અપાર દુઃખ દેનાર કૈકેયીને શ્રીરામે પગે લાગીને માફ કર્યા હતાં અને ગળે લગાવ્યાં હતાં. એક વર્ષ સુધી અશોક વાટિકામાં ત્રાસ દેનાર રાક્ષસીઓને સીતાએ હસતાં મુખે માફ કર્યાં હતાં, પોતાના પાંચેય સંતાનોની કતલ કરી વધ કરનાર અશ્વત્થામાને દ્રૌપદીએ ઉદાર દિલે માફી આપી હતી. ન કેવળ પૌરાણિક, આધુનિક જમાનાના મહામાનવો પણ માફીના માર્ગે ચાલ્યા છે, યાદ રાખો માફ કરીને મોજમાં રહો.

તો વાચકમિત્રો...! પ્રતિક્રમણ એ જૈન આરાધનાનું એક મહત્ત્વનું અંગ છે. જેનો શાબ્દિક અર્થ થાય છે પાપકર્મોથી પાછા ફરવું. આખા વર્ષમાં દહેરાસર-ઉપાશ્રય ન જનાર વ્યક્તિ - ઘરડા હોય, યુવાન હોય કે બાળક હોય બધાં આ દિવસે સંવત્સરી પ્રતિક્રમણ તો નહીં જ ચૂકે. પર્યુષણની આરાધનાનો સાર છે ક્ષમાપના. ‘મિચ્છામિ દુક્કડં’ દ્વારા ક્ષમાના આદાનપ્રદાનનો નિર્દેશ કરાયો છે; શૂળ ભોંકનારના હાથમાં ફૂલ આપવાનો મંત્ર જૈનધર્મ આપે છે, તો મિત્રો, ચાલો આપણે પણ પ્રતિક્રમણ કરી....સ્નેહનો સરવાળો કરીએ, ગુણોનો ગુણાકાર કરીએ, ભૂલોનો ભાગાકાર કરીએ અને વેરઝેરની બાદબાકી કરીએ અને ક્ષમાની સરવાણીને વહેતી કરીએ. અરસપરસના સંબંધોને નવપલ્લવિત કરીએ અને આપણે એમ કરીશું તો જ પરિવારમાં, નગરમાં, રાજ્યમાં, દેશમાં અને વિશ્વમાં સારા માણસ બનવાના પોઝિટિવ થીન્કીંગના ગુણોનો વિકાસ થશે અને આપણે પૃથ્વીને સ્વર્ગ બનાવવાનું નિમિત્ત માત્ર બનીશું.

તો વાચક મિત્રો...! આપ સૌને પણ મારા મિચ્છામિ દુક્કડમ્

**સુવર્ણરજ**

પ્રાયશ્ચિત્ત એ મોક્ષનો પાસપોર્ટ છે,
અને ક્ષમાપના એનો વિઝા છે.